# આચારસંહિતા છતાં બેંક લાયસન્સ અપાશે

નવી દિલ્હી,તા. ૬

લોકસભાની ચૂંટણી માટે આચારસંહિતા અમલી બની ગયા બાદ પણ નવા બેંક લાયસન્સ જારી કરવા આડે કોઈ તકલીફ આવશે નહી તેવો દાવો આજે નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે કર્યો હતો. તેમણે કહ્યું હતું કે કેટલાક નિર્ણય પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે જેથી આ નિર્ણયને અમલી બનાવવા આડે કોઈ દુવિધા નથી. કોંગ્રેસના નેતૃતવમાં ગઠબંધન સરકારમં ૧૦ વર્ષ પૈકી છ વર્ષ નાણાં પ્રધાન તરીકે રહી ચુકેલા ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર વર્તમાન નાણાંકીય વર્ષ માટે વર્તમાન ખાતાકીય ખાદ્યના અંતિમ આંકડા મળી ગયા બાદ સોના પર આયાત અંકુશને હળવા કરવા અથવા તો દુર કરવાના પાસા પર વિચારણા કરશે. પ્રધાને કહ્યું હતું કે સીએડીના આંકડા કેવા રહે છે તેના પર તમામની નજર રહેશે. આનો મતલબ એ થયો કે ચૂંટણી પૂર્ણ થઈ ગયા સુધી રાહ જોવી પડશે. કારણ કે અંતિમ સીએડીના આંકડા સામાન્ય રીતે ત્રિમાસિક ગાળામાં મળે છે. અલબત્ત નવેસરના આંકડા એક મહિના પહેલાથી જ જાહેર કરવામાં આવી ચુક્યા છે. ડિસેમ્બર સુધીના ત્રણ મહિનાના સીએડીના આંકડા ઘટ્યા હતા. સીએડી જીડીપીના ૦.૯ ટકા થઈ જતા તર્ક વિતર્કનો દોર રહ્યો હતો. ચિદમ્બરમે સંકેત આપ્યો છે કે ટુંક સમયમાં નવા બેકિંગ લાયસન્સ જારી કરવામાં આવશે. કારણ કે આરબીઆઈ પાસેથી આ અંગેના સંકેત મળી ગયા છે. સરકાર નિયમિત નિર્ણય કરશે. સરકાર હાલમાં દુવિધા અનુભવી રહી છે. ગઈકાલે લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે હવે આંચારસહિંતા અમલી બની ગઈ છે. જેથી કોઈ પોલીસી નિર્ણય સરકાર કરી શકશે નહી. આવા કોઈ પણ નિર્ણય કરવા માટે સરકારે ચૂંટણી પંચની પરવાનગી લેવી પડશે. ચિદમ્બરમ આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન સાથે વાતચીત કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. નાણાંપ્રધાન પહેલાથી જ કહી ચુક્યા છે કે સરકાર અને આરબીઆઈ જરૂરી પગલા લઈ રહ્યા છ.



## સેંસેક્સ ૨૩૭ પોઈન્ટ સુધરી ૨૧૫૧૪ની ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૬

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી.કારોબારના અંતે સેંસેક્સ નવી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. શેરબજારમાં તેજી માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. ભારતના વર્તમાન ખાતાકીય ખાદ્ય (સીએડી)ના આંકડામાં ફેરફાર થતાં મૂડીરોકાણકારોમાં આશા જાગી છે. સીએડી ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૩માં ઘટીને ૪.૨ અબજ ડોલર થઈ જતાં આશા જાગી છે. ત્રિમાસિક ગાળા અગાઉ ૫.૨ અબજ ડોલરનો આ આંકડો હતો. વર્તમાન ખાતાકીય ખાદ્ય ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૧૨માં જીડીપીના ૬.૫ ટકાથી ઘટી નીચી સપાટીએ પહોંચતા આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. આજે કારોબારના અંતે સેંસેક્સ નવેસરથી ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. તેમાં ૨૩૭ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો તેની સપાટી ૨૧૫૧૪ નોંધાઈ હતી. એક વખતે સેંસેક્સ ૨૧૫૨૪ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. ત્યારબાદ ઈન્ટ્રા ડે દરમિયાન તેની સપાટી ૨૧૩૩૦ નોંધાઈ હતી.જાણકાર લોકોના કહેવા મુજબ શેરબજારમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે નવી આશા પણ જાગી રહી છે. ઓપિનિયન પોલમાં કરવામાં આવી રહેલી આગાહી મુજબ ચૂંટણી બાદ એનડીએ સરકાર સત્તામાં આવી શકે છે. નિફ્ટી પણ ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચતા તેની સપાટી ૬૪૦૧ નોંધાઈ હતી. તેમાં ૭૩ પોઈન્ટનો સુધારો થયો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન નિફ્ટી ૬૪૦૭ની સપાટીએ પહોંચ્યો હતો જ્યારે એક વખતે ૬૩૪૦ની નીચી સપાટીએ પણ પહોંચ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્ષમાં ૧.૨૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ૧.૨૨ ટકાનો સુધારો થયો હતો. સેક્ટરલ ઈન્ડેક્ષની વાત કરવામાં આવે તો એસ એન્ડ પી બીએસઈ રિઆલીટી ઈન્ડેક્ષમાં ૪.૦૯ ટકાનો ઉછાળો નોંધાયો છે. બીએસઈ પાવર ઈન્ડેક્ષમાં ૨.૪૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો જ્યારે ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્ષમાં ૨.૨૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં ૨.૨૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. એસએન્ડબી બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્ષમાં ૦.૨૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેંસેક્સના જે શેરમાં મોટો સુધારો થયો હતો તેમાં હિન્ડાલ્કોમાં ૪.૩૩ ટકા, ભેલમાં ૩.૭૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૩.૩૩ ટકા, ઓએનજીસીમાં ૨.૯૧ ટકા, ટાટા સ્ટીલમાં ૨.૩૮ ટકાનો સુધારો રહ્યો હતો.

## આશુતોષ અને શાઝિયાની આકરી પુછપરછ

નવી દિલ્હી,તા. ૬

એએપીના નેતા આશુતોષ અને શાઝિયા ઈલ્મીની દિલ્હી પોલીસ દ્વારા આકરી પુછપરછ કરવામાં આવી છે. બંનેને પુછપરછ માટે લઈ જવામાં આવ્યા બાદ તેમની પુછપરછ કરાઈ હતી. ઈલ્મીની મહિલા પોલીસ ટુકડી દ્વારા અટકાયત કરવામાં આવી હતી. ગ્રેટર કૈલાશ નિવાસસ્થાનથી તેમને પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા. પુછપરછ માટે તેમને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતાલ જ્યારે પત્રકારમાંથી રાજકારણી બનેલા આશુતોષને એએપીના મોડલ શહેર ઓફિસમાંથી પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા. એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ કાયદા પ્રધાન સોમનાથ ભારતી પણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. ગઈકાલે એફઆઈઆર નોંધવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચેલો છે. અથડામણોમાં ૨૮ લોકો ઘાયલ થયા હતા. લોકસભાની ચૂંટણી જાહેર થવાની સાથે સાથે આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણો થયા બાદ આ મામલો હવે કોર્ટમાં પણ પહોંચી ગયો છે. એક બાજુ એએપીના નેતા સામે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ દિલ્હી પોલીસે ભાજપ ઓફિસની બહાર વ્યાપક હિંસા અને



તોડફોડ બદલ પુછપરછ માટે આશુતોષને લઈ જવાનો નિર્ણય કરાયો હતો. આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓ ઉપર પણ ફરજ પરથી પોલીસને રોકવા અને જાહેર સંપત્તિને નુકસાન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. એએપીના નેતા શાઝિયા ઈલ્મી સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બીજી બાજુ ભાજપ ચૂંટણી પંચ સમક્ષ એએપી સામે વિધિવત રીતે ફરિયાદ દાખલ કરી દીધી છે. ભાજપના નેતાઓ મુખ્તાર અબ્બાસ નકવી, હર્ષવર્ધન અને નલિન કોહલી આજે મુખ્ય ચૂંટણી કમિશનરને મળ્યા હતા અને એએપી સામે ફરિયાદ નોંધાવી હતી. નકવીએ કહ્યું હતું કે, એએપી સામે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવવમાં આવી છે. આ પાર્ટી ગુંડાઓ જેવું કામ કરી રહી છે. ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ ડિસ્ટ્રીક્ટ ઈલેકશન ઓફિસરે એએપી સામે નોટિસ જારી કરી છે. દિલ્હીમાં ભાજપના સમર્થકો સાથે અથડામણ બદલ આ નોટિસ જારી કરાઈ છે. ભાજપના નેતા મીનાક્ષી લેખીએ કહ્યું હતું કે, કેજરીવાલે જાણી જોઈને આ સમાચાર બનાવ્યા છે અને રાજકીય પરંપરા તોડી છે. એએપી ઝાટકણી કાઢતા ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ કહ્યું છે કે, એએપી સ્થિર રાજકારણ સામે ખતરો છે. અમે તમામ સ્વચ્છ અને સ્પષ્ટ ચૂંટણી પ્રક્રિયા ઈચ્છીએ છીએ. અમને ખુશી છે કે, એએપીનો ખતરનાક ચહેરો સપાટી ઉપર આવી ગયો છે. ભાજપની રાષ્ટ્રીય ઓફિસની બહાર અથડામણ થયા બાદ એફઆઈઆર દિલ્હી પોલીસે નોંધી હતી. ત્યારપછી એએપીના ૧૪ સભ્યોની ધરપકડ કરાઈ છે. પોલીસે એએપીના દેખાવને સંપૂર્ણપણે ગેરકાયદે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. પોલીસે વિડિયોગ્રાફીના તમામ ઘટનાક્રમમાં ચકાસણી કરી છે. વિડિયો ફોટા નિહાળ્યા બાદ અન્યોની પણ ધરપકડ કરવામાં આવશે. એએપીના કાર્યકરોની ગઈકાલે દિલ્હી અને લખનૌમાં પક્ષની ઓફિસની બહાર હિંસક અથડામણ થઈ હતી.

## કિંમતી ગેલેક્સી નોટ પ્રો ટેબલેટ ભારતમાં લોન્ચ

નવી દિલ્હી,તા. ૬

દક્ષિણ કોરિયાની મહાકાય કંપની સેમસંગે ભારતમાં ગેલેક્સી નોટ પ્રો ટેબલેટની આજે શરૂઆત કરી દીધી છે. આની કિંમત ૬૫૫૭૫ રૂપિયા રાખવામાં આવી છે. ભારતમાં આને સૌથી મોંઘા એન્ડ્રોઈડ ટેબલેટ તરીકે ગણવામાં આવે છે. એપલ આઈપેડ એરના ૧૨૮ જીબીને માર્કેટમાં સૌથી મોંઘા તરીકે ગણવામાં આવે છે જેની કિંમત ૬૫૯૦૦ જેટલી છે. સેમસંગના પ્રથમ પ્રોફેશનલ ગ્રેડ ટેબલેટ ગેલેક્સી નોટ પ્રોને આ વર્ષે જાન્યુઆરીમાં કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ શોમાં રજૂ કરવામાં આવ્યા બાદ કંપની આ સાધનની સાથે ૩૪૯૯ રૂપિયામાં ફ્રી કવર પણ આપે છે. સેમસંગ ગેલેક્સી નોટ પ્રો ૧.૯ જીએચઝેડ ઓક્ટા કોર પ્રોસેસર દ્વારાસંચાલિત છે તેમાં ત્રણ જીબી રેમની સુવિધા છે. તેમાં ૩૨ જીબી ઈન્ટરનલ સ્ટોરેજની ક્ષમતા છે. ૬૪ જીબી માઈક્રો એસડી કાર્ડ માટે પણ સપોર્ટ કરે છે. ગેલેક્સી નોટ પ્રોની પાછળ લેડ ફ્લેશની સાથે આઠ એમપી કેમેરા છે જ્યારે સામે ૨ એમપી કેમેરા છે. આ સાધન ૯૫૦૦ એમએએચ બેટરીથી સંચાલિત રહેશે. ફોક્સ લેધર ફિનિશની સાથે કાળા અને સફેદ કલરમાં




હાલમાં ગેલેક્સી નોટ પ્રો ઉપલબ્ધ થશે. એપલને હજુ સુધી સૌથી મોંઘા પ્રો ટેબલેટ તરીકે ગણવામાં આવે છે. પરંતુ સેમસંગે પણ હવે પ્રથમ પ્રોફેશનલ ગ્રેડ ટેબલેટની રજૂઆત કરીને બજારમાં નવી સ્પર્ધા છેડી દીધી છે. હાલમાં બજારમાં નવા નવા નવી ટેકનોલોજી સાથે મોબાઈલ આવી રહ્યા છે જેથી ગ્રાહકોને સીધો ફાયદો થઈ રહ્યો છે. સ્પર્ધાના કારણે લોકોને સીધો ફાયદો મળીરહ્યો છે. બીજી બાજુ ગ્રાહકોને પોતાના નેટવર્કમાં લેવા કંપનીઓ દ્વારા પણ આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. સેમસંગ દ્વારા નવા ગેલેક્સી નોટ પ્રોને લઈને હવે મોબાઈલ ધારકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે.

## પૂરણદેશ્વરી અંતે ભાજપમાં સામેલ

નવી દિલ્હી,તા. ૬

આંધ્રપ્રદેશમાં ભાજપને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં ભૂતપૂર્વ પ્રધાન ડી. પૂરણદેશ્વરીએ ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. યુપીએ સરકારમાં પ્રધાન રહી ચુકેલા પૂરણદેશ્વરી ભાજપમાં સામેલ થવા તૈયાર થતાં યુપીએમાં ખળભળાટ મચી ગયો છે.

પૂરણદેશ્વરીના પતિ અને પ્રકાશમમાં પરચુરમાંથી ધારાસભ્ય વેંકટેશ્વર રાવ પણ ભાજપમાં સામેલ થશે. વિખાશાપટ્ટનમના સાંસદે યુપીએ સરકારમાંથી રાજીનામું આપી દીધું હતું. સાથે સાથે કોંગ્રેસના સભ્યપદેથી પણ રાજીનામુ આપી દીધું છે. તેલંગાણાની રચના કરવાના સંસદના



નિર્ણય બાદ પૂરણદેશ્વર નાખુશ હતા. પૂરણદેશ્વરીએ આંધ્રપ્રદેશના કોંગ્રેસ સેક્રેટરી ઈન્ચાર્જ દિગ્વિજયસિંહને પત્ર લખીને કહ્યું છે કે, તમે અમારા ગળા કાપી નાંખ્યા છે અને અમને આગમાં નાંખી દીધી છે. પૂરણદેશ્વર તેલુગુદેશમ પાર્ટીના સ્થાપક સ્વર્ગસ્થ એન.ટી. રામારાવની પુત્રી છે. અહેવાલ મુજબ ભાજપ નેતાગીરી તેમના સંબંધિત મતવિસ્તારમાંથી તેમને ટિકિટ આપવાની ઓફર કરી દીધી છે. વધુ મહત્વપૂર્ણ બાબત એ છે કે, એવા સંકેત પણ મળી રહ્યા છે કે, પૂરણદેશ્વરીને આંધ્રપ્રદેશમાં પાર્ટીની ભાજપ મુખ્ય જવાબદારી પણ સોંપી શકે છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભાજપને આંધ્રપ્રદેશમાં મોટો ફાયદો થયો છે. સ્વર્ગસ્થ એનટી રામારાવ ટીડીપીના શક્તિશાળી નેતા હતા. પુરણદેશ્વરી પણ લોકોમાં ખુબ જ લોકપ્રિય છે.

## જગન- સાથીઓની ૮૬૩ કરોડની સંપત્તિ અંતે કબજે

નવી દિલ્હી,તા. ૬

મની લોન્ડરિંગના કેસમાં એક મોટો ખુલાસો થયો છે. આ કેસમાં કાર્યવાહી કરીને એન્ફોર્સમેન્ટ ડિરકટોરેટ દ્વારા આયએસઆર કોંગ્રેસના જગનમોહન રેડ્ડી અને તેમના સાથીઓની આશરે ૮૬૩ કરોડની સંપત્તિ જપ્ત કરી લીધી છે. આ કાર્યવાહી આંધ્રપ્રદેશમાં એક ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોમાં થયેલા કોંભાંડમાં ચકાસણી વેળા કરવામાં આવી છે. ઈડી દ્વારા જગનમોહન અને નિમ્મગડ પ્રસાદની સામે જુદી જુદી નોટીસ જારી કરી છે. આ લોકોની કંપનીઓની તરફેણ તત્તકાલીન આંધ્રપ્રદેશની સરકારે વદેરેવુ અને નિજામપટ્ટનમ ઈન્ડસ્ટ્રીલ કોરિડોર પ્રોજેક્ટમાં કરવામાં આવી હતી. એ વખતે જગનના પિતા વાયએસ રાજશેખર રેડ્ડી આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન હતા. વાનપિક પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય આંધ્રપ્રદેશના દરિયાકાંઠે એક બંદર અને એક નવા વિમાનીમથક સ્થાપિત કરવાનો હતો.

આ ઉપરાંત પ્રકાશમ અને ગુન્ટુર જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર વિકસિત કરવાનો પણ હેતુ હતો. ઈડીએ આ સમગ્ર મામલે એક સીબીઆઈ એફઆઈઆર હેઠળ વર્ષ ૨૦૧૨માં વ્યક્તિ અને સહાયક કંપનીઓની સામે મની લોન્ડરિગ કાયદા હેટળ કેસ દાખલ કર્યો હતો. ઈડીએ કહ્યું છે કે આ સોજાબાજીમાં પારસ્પરિક લેવડદેવડ હતી. સાથે સાથે ગેરકાયદે રકમ એક હાથથી બીજા હાથમાં પહોંચી હતી. ઈડીના તપાસ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નિમમ્ગડ પ્રસાદ દ્વારા બનાવવામાં આવેલી કંપનીને વાનપિક પ્રોજેક્ટ



હેઠળ જુદી જુદી રાહતો આપવામાં આવી હતી. જેમાં સરકારી ભૂમિની આડેધડ ફાળવણીની બાબતનો સમાવેશ થાય છે.ઈડી દ્વારા સીબીઆઈના ચાર્જશીટના આધારે કાર્યવાહી કરી છે. આક્ષેપમાં દાવો કરવામાં આવ્યો છે કે ભૂમિ અધિગ્રહણના મામલે પ્રસાદને ૧૪૨૬.૧૭ કરોડ રૂપિયાનો લાભ આપવામાં આવ્યો હતો અને પ્રસાદ અને તેમની કંપનીઓ દ્વારા આના બદલે જગન અને સાથીઓને ૮૫૪.૫૪ કરોડ રૂપિયા આપવામા આવ્યા હતા. ઘટનાક્રમ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે ઈડી દ્વારા કરવામાં આવેલી આ સૌથી મોટી કાર્યવાહી પૈકી એક કાર્યવાહી છે.

## એર ઇન્ડિયા દ્વારા વધુ સાત એરહોસ્ટેસોની હકાલપટ્ટી


નવી દિલ્હી,તા. ૬

એર ઈન્ડિયાએ ફરજ પર મોડેથી આવવા બદલ વધુ સાત એર હોસ્ટેસની હકાલપટ્ટી કરતા ભારે ખળભળાટ મચી ગયો છે. માત્ર નવ દિવસની અંદર ૧૭ એરહોસ્ટેસની હકાલપટ્ટી કરવામાં આવી છે. એરપોર્ટ પર મોડેથી હાજરી આપવા માટે કઠોર કાર્યવાહી કરવામાં આવી છે. એર ઈન્ડિયા દ્વારા હાલમાં અપનાવવામાં આવેલા કઠોર વલણના કારણે અન્ય એરહોસ્ટેસમાં દહેશત ફેલાઈ ગઈ છે. ૨૪મી ફેબ્રુઆરીથી ચોથી માર્ચ વચ્ચેના ગાળામાં જોરદાર કાર્યવાહી કરવામાં આવી છે. હકાલપટ્ટી કરવામાં આવેલઓમાં એક ફલાઈટ પર્સર છે. ટોપ મેનેજમેન્ટે ચેતવણી આપતા કહ્યું છે કે ગેરશિસ્તને હવે ચલાવી લેવાશે નહી. વિમાન સમયસર ઉડાણ ભરે તે હેતુથી કાર્યવાહી કરવામાં આવી છે. મેનેજમેન્ટે અગાઉ અનેક વખત મોડેથી આવનારને ચેતવણી આપી હતી. ટેકનિકલ ખામી સહિતની અનેક ગુંચવણ હાલમાં રહેલી છે. કેટલાક કેસોમાં સ્ટાફના લોકો સમયસર નહી પહોંચવાના કારણે યાત્રીઓન ભારે તકલીફ પડે છે. જેથી હવે આવી હેરાનગતિ ઓછી થાય તે હેતુથી પગલા લેવામાં આવી રહ્યા છે.

## ગુલાબ ગેંગની રજૂઆત ઉપર પ્રતિબંધ ઉઠાવાયો

નવી દિલ્હી, તા. ૬

દિલ્હી હાઈકોર્ટે માધુરી દીક્ષિત અને જુહી ચાવલા અભિનીત ફિલ્મ ગુલાબ ગેંગ પરથી પ્રતિબંધ ઉઠાવી લીધો છે. પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા બાદ આ ફિલ્મ હવે આવતીકાલે સાતમી માર્ચના દિવસે રજૂ કરી દેવામાં આવશે. હાઈકોર્ટે દેશભરમાં ફિલ્મની રજૂઆતને પણ મંજુરી આપી દીધી છે. આ અગાઉ સમગ્ર ભારતમાં આ ફિલ્મની રજૂઆત ઉપર હાઈકોર્ટે પ્રતિબંધ મુકી દીધો હતો. કોર્ટે બુંદેલખંડની ચર્ચિત ગુલાબ ગેંગની નેતા સંપત પાલની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપ્યો હતો. સંપતે દાવો કર્યો હતો કે, ફિલ્મ તેમની લાઈફ ઉપર આધારિત છે. જેને કારણે ફિલ્મ નિર્માતાની સામે અમને વાંધો છે. ફિલ્મ




નિર્માતા દ્વારા આ અંગે કોઈ પરવાનગી માંગવામાં આવી ન હતી. ફિલ્મ સાથે સંકળાયેલા લોકોનો દાવો છે કે, સંપતની આ બાબત ખોટી છે. ફિલ્મ તેમની લાઈફ સાથે કોઈપણ પ્રકારના સંબધ ધરાવતી નથી. દિલ્હી હાઈકોર્ટના ચુકાદા બાદ ગુલાબ ગેંગના નિર્માતા અનુભવ સિંહા અને દિગ્દર્શક સૌમિક સેન ખુબ જ ખુશ દેખાઈ રહ્યા છે. આવું પ્રથમ વખત બન્યું નથી જ્યારે કોઈ ફિલ્મ રજૂઆત પહેલા અટવાઈ પડી છે. ગયા વર્ષે ફિલ્મ રામલીલા ઉપરાંત અનુરાગ કશ્યપની ફિલ્મ ગેંગ ઓફ વાસેપુર અને આશુતોષ ગોવારીકરની ફિલ્મ જોધા અકબરને પણ કાયદાકીય દાવપેચનો સામનો કરવો પડ્યો હતો

## પીએમ પદ માટે મોદી કરતા હું યોગ્ય ઉમેદવાર : નીતિશ

પટણા,તા. ૬

બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નીતિશકુમારે આજે પોતાના મનની ઈચ્છા જાહેરમાં રજૂ કરી હતી. પહેલીવખત નીતિશકુમારે વડાપ્રધાન પદની પોતાની ઈચ્છા રજૂ કરી હતી અને કહ્યું હતું કે, હાલના સમયમાં કોઈપણ પાર્ટીના પીએમ પદના ઉમેદવાર કરતા તેઓ વધારે યોગ્ય ઉમેદવાર તરીકે છે. આજે એક સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં નીતિશકુમારે કહ્યું હતુ કે, કેન્દ્ર અને રાજ્ય બંનેમાં તેમને વધુ યોગ્ય રીતે કામ કરવાનો અનુભવ રહેલો છે. જેથી તેઓ બેસ્ટ છે. નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના નામનો ઉલ્લેખ કર્યા વગર નીતિશકુમારે કહ્યું હતું કે, એકની પાસે સંસદનો અનુભવ નથી જ્યારે બીજા પાસે રાજ્ય ચલાવવાનો અનુભવ નથી. તેમણે કહ્યું હતું કે, તેમની પાસે બંને અનુભવ છે જેથી તેઓ પીએમ પદ માટેના વધુ કુશળ ઉમેદવાર છે. નીતિશે કહ્યું હતું કે, થોડાક સમય બાદ જ ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જશે.

ત્રીજા મોરચાના ઉમેદવારો પણ શાનદાર દેખાવ કરશે. જો ત્રીજા મોરચા દ્વારા પણ પોતાના પીએમ પદના ઉમેદવારની જાહેરાત કરશે તો આ તમામ



ફલોપ થઈ જશે. નીતિશકુમારના નિવેદનને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નીતિશકુમારે હજુ સુધી ક્યારેય પણ વડાપ્રધાન બનવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી ન હતી પરંતુ આજે વડાપ્રધાન બનવાની નીતિશે પોતાની ઈચ્છા રજૂ કરી દીધી હતી. નીતિશકુમાર અને ભાજપ વચ્ચેના સંબંધો હવે તુટી ચુક્યા છે. આવી સ્થિતિમાં બંને પાર્ટી એકબીજા ઉપર પ્રહારો કરી રહી છે. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા બાદ નીતિશકુમારે ભાજપ સાથે છેડો ફાડી લીધો હતો ત્યારબાદથી બંને પક્ષો એકબીજા ઉપર આકરા પ્રહારો કરી રહ્યા છે. નીતિશકુમાર ત્રીજા મોરચામાં સામેલ થઈ ચુક્યા છે. મોદીને એનડીએ દ્વારા વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરતા ભાજપ અને જેડીયુના સંબંધો વચ્ચે તિરાડ પડી હતી અને આખરે સંબંધોનો અંત આવ્યો હતો. નીતિશકુમાર હજુ સુધી ક્યારેય પણ વડાપ્રધાન પદની વાત કરી ન હતી પરંતુ હવે પ્રથમ વખત નીતિશે પણ તેમની ઈચ્છા વ્યક્ત કરી છે.

## સમાચાર ઝલક

- મરચાંની ભુકી આંખમાં નાંખી લુંટ ચલાવતી ગેંગ સેટેલાઈટમાંથી પકડાઈ.
- કચ્છમાં મુખ્યમંત્રીએ ૬૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી હતી જેને કોર્ટમાં પડકારવામાં આવ્યું.
- ઉત્તર પ્રદેશમાં જુનીયર ડોકટરોની હડતાળ સમેટાઈ.
- ભોપાલમાં મુખ્ય પ્રધાન સહિત કેબીનેટ ધરણાં પર બેઠી.
- ઉત્તરપ્રદેશના પોલિસ અધિકારીઓને કોર્ટના આદેશ મુજબ બદલી કરાઈ.
- કેજરીવાલ પરના હુમલામાં મહંતની ધરપકડ કરાઈ.
- ચૂંટણી પંચની મંજુરીથી શરતોને આધીન ગુણોત્સવ શાળાઓમાં યોજાશે.
- મહેસાણાના પાંચોટમાં ૩ હોમગાર્ડને ચોર સમજીને લોકોએ ફટકાર્યા.
- દિલ્હી પોલીસે 'આપ'ના કાર્યકરો સામે કાર્યવાહી હાથ ધરી.
- યદુરપ્પાને ભાજપમાં જોડાણ માટે સુષ્મા સ્વરાજની નારાજગી.
- રાજીવ હત્યા કેસના આરોપીને સજા બાબતે ૨૬મી માર્ચે મુદત પડી.
- અલ્હાબાદમાં વકીલોએ બસ સળગાવી દીધી.
- ઈન્ડોનેશિયાના દારૂગોળામાં હથિયારના ભંડારમાં વિસ્ફોટ થતાં ભારે નુકશાન.
- આઈ.પી.એલ.ની કેટલીક મેચો ભારતમાં રમાશે.
- ચૂંટણીની જાહેરાત પછી શેરબજારમાં ભારે ઉછાળો રહ્યો.
- ડીસામાં દર્દીની હાલત બગડતાં ડોકટરને સગાઓએ માર માર્યો.
- વિરમગામમાં ૩ સગી બહેનોનું અપહરણ થયાની ફરિયાદ.
- વસ્ત્રાલમાં પત્ની, બાળકો પર હુમલો કરતા પતિએ નાસવા જતાં અકસ્માતમાં મોત.